## દેરી મંદિર શોધી શોધી

દેરી-મંદિર શોધી શોધી લોક નિરંતર ફર્યા કરે છે,
રોજ રોજ સરનામું બદલી જાણે ઇશ્વર ફર્યા કરે છે.

રસ્તા જોયા, વાહન જોયા, વિચારને પણ જોતા શીખ્યો,
કોઈ નથી જંપીને બેઠું, માણસ માતર ફર્યા કરે છે.

પવન આવતાં કરે ઉડાઉડ, પ્લાસ્ટિકની હલકી કોથળીઓ,
જોયા છે મ્હેં, સુખના છાંટે ઘણાય અધ્ધર ફર્યા કરે છે.

ગળી જાય છે બધાય સુખ-દુઃખ, ગળી જાય છે બધું ભલભલું,
મનનું નામ ધરીને ભીતર ભૂખ્યો અજગર ફર્યા કરે છે.

દર્શન છોડી, પ્રદક્ષિણામાં રસ કેવો મિસ્કીન પડ્યો છે,
ભીતર પ્રવેશવાને બદલે, ચક્કર ચક્કર ફર્યા કરે છે.

◆

## તમને શોધ્યું

રોડ ઉપરના કોઈ વૃક્ષના છાંયે જીવણ તમને શોધ્યું,
સાવ પડ્યું રઝળી, એ ઘરનું લઈને આંગણ તમને શોધ્યું.

કદી મળ્યા ના, કદી મળીશું નહીં, એય સાચું છે કિંતુ,
હોય આશરો છેલ્લો એક જ, એમ ક્ષણેક્ષણ તમને શોધ્યું.

અતૂટ જે લાગ્યા'તા સગપણ એ પણ તૂટ્યા વેરણછેરણ,
હવે દેહથી પણ જાણે તોડીને સગપણ તમને શોધ્યું.

સતત ઝંખના-સતત પ્રતીક્ષા- સતત શોધનું ગજબ રૂપાંતર,
તમે જ ચહેરો અસલી મારો થૈને દર્પણ તમને શોધ્યું.

ખરી પડ્યું મિસ્કીન બધુંયે હવે સાવ નિર્ભાર શ્વાસ આ,
કશું બચ્યું ના, હુંય બચ્યો ના, સાવ અકારણ તમને શોધ્યું.

◆

## ખુદને નિરાંતે સાંભળું

મોર કોયલની જુગલબંધી પ્રભાતે સાંભળું,
આમ હું મ્હોંસૂઝણે ખુદને નિરાંતે સાંભળું.

આટલાં વર્ષો ગયાં પાણીમાં, એક જ જીદમાં,
આંખથી હું જોઉં ઇશ્વરને ને જાતે સાંભળું.

એમ બસ એમ જ આ મનને સાંભળું છું એકલો,
જેમ તમરાંના અવાજો શાંત રાતે સાંભળું.

હું ખરેખર કૈં નથી પણ હું નથી તો કૈં નથી,
આ બધું આવું બધું કોની વિસાતે સાંભળું?

એ હતા દિવસો હું બોલ્યો બહાર ને અંદર સતત,
આય દિવસો મૌનને પ્રત્યેક વાતે સાંભળું.

◆

## રાહ જોઉં છું

ક્યાંક દૂર વર્ષોથી તું છે અહીં પળેપળ રાહ જોઉં છું,
રોજ બળીને આશા કરતી સઘળું ઝળહળ રાહ જોઉં છું.

હોત નદી તો ગંગાસાગર જેવી લાગત અપાર અઢળક,
વ્હેતાં વ્હેતાં આંખો થઈ ગઈ પોતે મૃગજળ રાહ જોઉં છું.

હવે જમાનો બદલાયો છે ઓનલાઇન દેખાતું મળવું,
છતાં લાગતું કદી આવશે તારો કાગળ રાહ જોઉં છું.

હવે સમયની પાર બધુંયે હવે દેહની પાર બધુંયે
હવે કશું ના આગળ પાછળ વ્હાલમ્! કેવળ રાહ જોઉં છું.

જ્યાં અટકી જાશે ધબકારા ત્યાં જ હશે તું પાસ ઊભેલી,
છેક પ્હોંચતાં પ્હેલાં થાવા નખશિખ નિર્મળ રાહ જોઉં છું.

◆

## સ્વયમ્

સ્વયમ્ તમે અજવાળું છો પણ આ અંધારે મળવા ઝંખું,
જળ સુકાતાં ગયાં, માછલી સમ તળિયે, ખળખળવા ઝંખું.

વર્ષો સુધી સાથ રહ્યો, સંગાથ રહ્યો એ સાચું કિંતુ,
વર્ષો બાદ હજુ પણ આજે આઘો લાગું, ભળવા ઝંખું.

કશું અધૂરું બાહર બાહર, કશું અધૂરું ભીતર ભીતર,
હું જ નડું છું અને મને હું, હું જ થકી સાંકળવા ઝંખું.

દેહ અને આયુષ્ય બેઉ ઓગળતા ચાલ્યા સાવ ઓગળ્યા,
બચી જવું છે એ જ કારણે આજ હવે ઓગળવા ઝંખું.

શબ્દો ને ઘોંઘાટ, અવાજો બધાય વચ્ચે પુષ્કળ જીવ્યો,
હવે કાન માંડીને આખ્ખી સૃષ્ટિને સાંભળવા ઝંખું.

એક બાળનારું ને બીજું બળનારું એ અલગ છે મિસ્કીન,
હવે ઠરી જઉં હવે ભળી જઉં સહજ સતત ખળખળવા ઝંખું.

◆

## મહાભિનિષ્ક્રમણ

આજ લગ લાગ્યો હતો એ સાર છોડીને ગયો,
એક ઝટકે સર્વ કારોબાર છોડીને ગયો.

પાનખરમાં પાંદડાં ખરખર સતત ખરતાં રહે,
શ્વાસ-ઉચ્છ્વાસે એ તારેતાર છોડીને ગયો.

જે ધબકતાતા હૃદયમાં જે હતા તો એ હતો,
લાગણીના એ બધા વ્યવહાર છોડીને ગયો.

એ અસલ ચ્હેરા જ ન્હોતા માત્ર એ મ્હોરાં હતાં,
એ ભરમની ભેદની ભરમાર છોડીને ગયો.

લઈ ગયો ના કૈંજ સાથે એક પણ માયા નહીં,
એ બધાયે રંગ ને આકાર છોડીને ગયો.

જે કંઈ નડતું હતું એકેક ચાલ્યું છૂટતું,
વસ્ત્રની સાથે જ એ હુંકાર છોડીને ગયો.

જાણવું ન્હોતું કશું ન્હોતું જણાવું કૈંજ પણ,
જ્ઞાન ને અજ્ઞાનના સૌ ભાર છોડીને ગયો.

હું નહીં જો હોઉં સૌનું શું થશે ને ક્યાં જશે?
રાખતો'તો એ બધી દરકાર છોડીને ગયો.

કોઈના વિના કશું અટકે નહીં જાણી ગયો,
રોકતા'તા એ જ ઘર ને દ્વાર છોડીને ગયો.

ક્યાંકથી ક્યારેક એ પાછો વળે શક્ય જ નથી,
જાત જેવી જાત પણ આ પાર છોડીને ગયો.

આંખમાં ફરતાં રહ્યાં સઘળાં પ્રસંગો-સગપણો,
ને સવારે એ સહજ સંસાર છોડીને ગયો.

◆

## શ્રદ્ધાએ

પગ પકડી લીધા શ્રદ્ધાએ,
સળગાવ્યું તો પણ શંકાએ.

રોજ વસાવ્યાં રોજ ઉજાડ્યાં,
મનમાં અઢળક ઘર ઇચ્છાએ.

પવન આવતાં બધું ઉઘાડું,
ઢાંક્યું'તું પુષ્કળ પડદાએ.

રસ્તા-જીવન બધુંય ખોટું,
એ એક જ ખોટા પગલાંએ.

છતાંય દોડી દોડી વળગ્યા,
દુઃખી કર્યા'તાં જે દુનિયાએ.

કરી મૂક્યા દિવસે અંધારાં,
રાતે આવેલા સપનાએ.

◆

## ચિરંતન વિરહિણી

તું રહે એક-બે રાત પૂરતો, જિંદગીભરની રાતોનું શું?
વાત એકાદ – બે તું કરે પણ, શ્વાસની સર્વ વાતોનું શું?

એક સાંજે અચાનક મળીને, તેં સવારે મળીશું કહ્યું'તું,
હુંય ભૂલી ગઈ'તી હરખમાં, આવનારી એ સાંજોનું શું?

સ્વપ્ન બેચાર સુંદર બતાવી, સાવ ભૂલી ગયો તું બધુંયે,
કોઈ દિવસ વિચારો ન આવ્યા? એ પછીથી આ આંખોનું શું?

કેટલી વાર ક્યાં ક્યાં મળ્યા સૌ, એમના યાદ છે વાયદા સૌ,
દેહ તો કાલ જાશે બળી પણ, આ હૃદયનું ને યાદોનું શું?

કોઈ આગળ ઊભું સાદ પાડે, કોઈ પાછળ રહી બૂમ પાડે,
કોઈ આગળ ન પાછળ છતાંયે મન! સમજવું આ સાદોનું શું?

રણ સળગતું સળગતું જ રહેતું, દિલ તરસતું તરસતું જ રહેતું,
વાત તો છે આ એક જ જનમની, લક્ષચોર્યાશી જન્મોનું શું?

◆

## જળ વિનાનું જીવન

મન વિનાના અવસર જીવણ,
જળ વિનાના જીવતર જીવણ.

ભાગ્ય એટલે કોઈ હોઠના,
અધબોલેલા અક્ષર જીવણ.

હવે દેહ ને મનની વચ્ચે,
આપણ જેવા અંતર જીવણ.

છેલ્લો ખટકો રહ્યો જીવને,
હોત મળાયું પળભર જીવણ.

અહીં પરબ પણ તૂટી-ફૂટી,
તમે ઝરણને સાગર જીવણ.

શોધી શોધી થાકું-હાંફું,
તમે મલકતા અંદર જીવણ.

ફૂલ સમા છો કબૂલ કિંતુ,
કેમ લાગતા પથ્થર જીવણ.

શું પહેરે શું ઢાંકે મિસ્કીન,
ત્વચા ને પ્હેરણ જર્જર જીવણ.

◆

## જીવણ

આસોપાલવ સાવ સૂકાયો ઊભો જીવણ,
ખાલી ઘરમાં હુંય જીવું છું સૂનો જીવણ.

વખત વીતેલો ભીંત બનીને ફરતે ઊભો,
ને શ્વાસોનો ખરતો ચાલ્યો ચૂનો જીવણ.

આંખોમાં સળગ્યા કરતો, આંસુ ઓરાતાં,
કરોળિયે જાળા બાંધેલો ચૂલો જીવણ.

હતું પાણિયારું ત્યાં આજે કેટકેટલું,
ના સચવાયેલું સાચવતો ખૂણો જીવણ.

ક્યાંક હજુ ભગવાન, દીવીઓ અને ઘંટડી
એ જ ભરોસો ધૂળ ચઢેલો જૂનો જીવણ.

સાત જનમની વાત ભલેને રહી અધૂરી,
એક જનમમાં જીવી લીધા જન્મો જીવણ.

◆

## ...એ ઝલક

કલ્પનાની બ્હાર ઓચિંતી મળી ગઈ એ ઝલક,
લોહીમાં લોહી બની જઈને ભળી ગઈ એ ઝલક.

ને ફરીથી શોધવાને પામવા જ્યાં નીકળ્યો,
આંખની સામે ક્ષિતિજ થૈ નીકળી ગઈ એ ઝલક.

જ્યાં નજર જેવી પડી, ત્યાં ત્યાં મળી તેવી મને,
કેટલા રુપે-પ્રકારે ઓગળી ગઈ એ ઝલક.

રોજ હું ખીલી ઉઠું છું ને રહું છું મ્હેકતો,
યાદમાં સૂરજ સમું કૈં ઝળહળી ગઈ એ ઝલક.

કેટલું કેવું ગજું એ એક વેળાનું હશે,
જીંદગીમાં કેટલી વેળા ફળી ગઈ એ ઝલક.

થૈ ગયો છું ત્યારથી મિસ્કીન હું દરિયાસમો,
ત્યારથી પ્રત્યેક મોજે ઉછળી ગઈ એ ઝલક.

◆

## બોંબ મૂક્યા છે

સાવ અચાનક ફુરચેફુરચા ઉડે, શ્વાસમાં બોંબ મૂક્યા છે,
તીર્થ સમી ધબકે છે એવી કૈંક યાદમાં બોંબ મૂક્યા છે.

સવારથી ઓફિસની બાજુ, ઘરની બાજુ શ્હેર દોડતું,
ખબર પડે ના પણ જાણે સૌ કો'ક સાંજમાં બોંબ મૂક્યાં છે.

સપના-આશા-શ્રદ્ધા સાથે થાય જીવન રાબેતા મુજબ,
અફવા ઊડે ત્યાં જ પ્રભાતે, આજ રાતમાં બોંબ મૂક્યા છે.

અને પછી તો ગલી ગલી પ્રત્યેક વળાંકે અફડાતફડી,
કોના શબ્દે જાતજાતના નાત-જાતમાં બોંબ મૂક્યા છે.

અમે મરણિયા થઈ નીકળ્યા સાવ સોંસરા દુઃખ વચ્ચેથી,
કોણ કરે અડવાની હિંમત? અમે પ્રાણમાં બોંબ મૂક્યા છે.

અલગ અલગ રીતે મરવાનું એકબીજાને કેવું ફાવ્યું?
અમે બિછાવ્યા ફૂલો વ્હાલમ તમે વ્હાલમાં બોંબ મૂક્યા છે.

કયા ધરમને માટે 'મિસ્કીન' ને કોના જીવતરના ભોગે?
માતા-પત્નીમાં-બાળકમાં સગા બાપમાં બોંબ મૂક્યા છે.

◆

## ત્યાં જઈ

થઈ ગયા કરતા મહેનત ત્યાં જઈ,
ખૂબ સમજાઈ મહોબત ત્યાં જઈ.

ના અહીં મંદિર કે મસ્જિદ જે ગયા,
એ કરે પૂજા-ઇબાદત ત્યાં જઈ.

ઓળખીતા શું? વતનના કોઈ પણ,
લાગતા પ્રત્યેક અંગત ત્યાં જઈ.

આપવાથી જ્ઞાન-ધન ને સુખ વધે,
શીખવે ખુદને સખાવત ત્યાં જઈ.

જન્મથી જે આંખની સામે હતી,
એ જ દેખાઈ હકીકત ત્યાં જઈ.

સૌ મળી ભેગા મથે છે જીવવા,
ક્યાંય ચાલી ગઈ બગાવત ત્યાં જઈ.

સર્વને લાગ્યું વતનમાં આટલું,
ઊઘડી ગઈ એની કિસ્મત ત્યાં જઈ.

એ જ મન ને એ જ કાળા કાગડા,
એક ના બદલાઈ આદત ત્યાં જઈ.

◆

## વૃદ્ધ આંખો...

શ્વાસ ખાતા, રોજ જમતા થાકવા લાગી હવે,
ઊંઘ ના સમજાય તેવી આવવા લાગી હવે.

આ અહીં હમણાં મૂક્યું'તું ક્યાં ગયું પાછું ફરી?
ચીજવસ્તુ જેમ જીવન શોધવા લાગી હવે.

કોઈ છાપાં જેમ સુખદુઃખ એ બધાં જૂનાં નવાં,
રોજ બે-ત્રણવાર અમથા વાંચવા લાગી હવે.

ગાળ-આશીર્વાદ બંનેની અસર ક્યાં છે કશી?
એ ગમે તેને ગમે ત્યાં આપવા લાગી હવે.

સર્વ રસ્તા જ્યાં જગતના એક થૈ જાતા અહીં,
આંખ મીંચી એ તરફ લો ચાલવા લાગી હવે.

એક જોડી વસ્ત્ર રાખ્યા સાચવી કોરા સતત,
એ જ અવસર પ્રાર્થનામાં માગવા લાગી હવે.

◆

## ક્યાં હતો ક્યાં જઈ ચઢ્યો

હરકદમ પર થાય હરપળ, ક્યાં હતો ક્યાં જઈ ચઢ્યો?
ના કશું આગળ ન પાછળ, ક્યાં હતો ક્યાં જઈ ચઢ્યો?

ભ્રમ, ભૂમિકા કે ભટકવાનું થયું આ, બોલ મન,
વ્યર્થ સૌ દેખાય ઝળહળ, ક્યાં હતો ક્યાં જઈ ચઢ્યો?

આ સમય, આ શ્વાસ, પાણી ક્યાં ટક્યા કોના ટક્યા?
જો... તને... છે તુંય ખળખળ, ક્યાં હતો ક્યાં જઈ ચઢ્યો?

આ જગત એવું રહ્યું ના, હુંય એવો ના રહ્યો,
જ્યાં ગયા વિખરાઈ વાદળ, ક્યાં હતો ક્યાં જઈ ચઢ્યો?

શું થવું'તું? શું થયો? કોનો હતો? કોનો રહ્યો?
શું હશે આ ભાગ્ય-અંજળ? ક્યાં હતો ક્યાં જઈ ચઢ્યો?

હરપળે શું શું લખ્યું 'મિસ્કીન' પસ્તાતો ફક્ત,
મન હતું એક સ્વચ્છ કાગળ, ક્યાં હતો ક્યાં જઈ ચઢ્યો?

◆